**તીર્થગામ-પાવનગામ યોજના .**

રાજયના ગ્રામ્ય વિસ્તારોમાં કોમી સદભાવાના અને ભાઇચારાની ભાવના વધુ પ્રબળ બને તે અંગેની પ્રોત્સાહક યોજના.

ગુજરાત સરકાર,
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-પરચ-૨૦૦૭-૭૪-ચ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૭-૪-૨૦૧૨

**વંચાણમાં લીધાઃ-**

(૧) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા. ૨૧-૭-૨૦૦૪નો ઠરાવ ક્રમાંકઃ- પરચ-૨૦૦૩-૨૧૦૪-ચ.

(૨) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની તા. ૩-૨-૨૦૦૭નો સરખા ક્રમાંકની યાદી.

(૩) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા. ૨૦-૧૦-૨૦૦૮નો સરખા ક્રમાંકનો ઠરાવ.

**ઠરાવઃ-**

રાજયના ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકો વચ્ચે સદભાવના અને કોમી એખલાસની ભાવના વધે અને ગામોનો સવાંગી વિકાસ થાય. તથા ગામલોકોના પ્રયાસોને ઉત્તેજન આપવાના હેતુથી આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) આગળના ઠરાવથી તીર્થગામ યોજના અને વંચાણે લીધેલ ક્રમાંક (૨) આગળની યાદીથી પાવનગામ યોજના તથા વંચાણે લીધેલ ક્રમાંકઃ-(૩) આગળના ઠરાવ થી તીર્થગામ - પાવનગામ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક(૩) આગળના ઠરાવમાં મુદ્દા નં. ૬ (અ) (૧) , મુદ્દા નં. ૭ અને મુદ્દા નં. ૮ માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

**મુદ્દા નં. ૬(અ)**

(૧) તીર્થગામની પસંદગી માટે વિચારણામાં લેવાતા મુદ્દા પૈકી વિવિધ કાયદા હેઠળ કોઇ કેસ ના નોંધાયેલ હોઇ તેવી પાત્રતાની સંદર્ભમાં સુધારો કરી જો અકસ્માતના કારણે કોઇ ગુન્હો નોંધાયેલ હોઇ તો તેની ગણતરીમાં લેવામાં આવશે નહિ.

**મુદ્દાનં. ૭**

તીર્થગામ પાવનગામની પસંદગી માટે હાલમાં ઓછામાં ઓછા ૫૦ ગુણ ધરાવતી પંચાયત હોવી જોઇએ. તથા આદિવાસી વિસ્તારની પંચાયતો માટે ૪૫ ગુણનું ધોરણ નક્કી કરવામાં આવેલ

છે. જે ધોરણોમાં સુધારો કરી સામાન્ય ગ્રામ પંચાયત માટે ૭૦ ગુણ તથા આદિવાસી વિસ્તાર માટે ૬૦ ગુણનુ ધોરણ રહેશે.

**મુદ્દાનં. ૮**

આ યોજના હેઠળ પસંદ થયેલ પ્રત્યેક તીર્થગામને રૂા. ૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ) તેમજ પાવનગામને રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ) પુરસ્કાર આપવામાં આવશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા. ૧૬-૨-૨૦૧૨ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

અન્ય શરતો તથા બોલીઓ આ વિભાગના તા. ૨૦-૧૦-૨૦૦૮ના ઠરાવ ક્રમાંકઃ- પરચ-૨૦૦૭-૭૪-ચ થી ઠરાવ્યા મુજબ યથાવત રહે છે.

**ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(સી. એમ. રાઠોડ)
ઉપસચિવ
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

પ્રતિ,

૧. માન.રાજયપાલશ્રીના સચિવશ્રી,
૨. માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,
૩. માન.મંત્રીશ્રી-રાજય કક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રીઓ,
૪. સચિવાલયના સર્વે વિભાગો.
૫. વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
૬. સર્વે કલેકટરશ્રીઓ,
૭. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
૮. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ-રાજકોટ.
૯. ચેરમેનશ્રી, જિલ્લા સામાજિક ન્યાય સમિતિ, જિલ્લા પંચાયત(સર્વે)
૧૦. સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ(રાજય)
૧૧. સર્વે પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ(એસ.પી.)
૧૨. સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ,
૧૩. સર્વે નાયબ જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ(એસ.પી.)
૧૪. સુપ્રિન્ટેન્ડેન્ટ, પ્રોહીબીશન એન્ડ એકસાઇઝ(સર્વે)
૧૫. સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,
૧૬. વિભાગની સર્વે શાખાઓ.
૧૭. સિલેકટ ફાઇલ.



02-12 dinesh